શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ • અંક-૧૨ • ડિસેમ્બર - ૨૦૧૬

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-



વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીના ચરણોમાં
એમના જન્મ શતાબ્દી વર્ષે કોટિ કોટિ વંદન



ઋષિકેશ-ગંગાતટે વચનામૃતનું અનુષ્ઠાન કરતાં પૂજ્ય પુરાણી સ્વામી, સંતો, ભક્તો તથા ઋષિકુમારો

વચનામૃત જંયતીના દિવસે આયોજિત પાટોત્સવ પ્રસંગે અભિશેક તથા અન્નકૂટના દર્શન, મેમનગર ગુરુકુલ. અન્નકૂટના પ્રસાદને બહેરા-મૂંગા-અપંગ શાળા તથા દરિદ્રનારાયણને વિતરણ કરવામાં આવ્યો હતો.

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

વર્ષ-૮, ડિસેમ્બર-૨૦૧૬, અંક-૧૨

: આશીર્વાદ :
પ. પૂ. પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

પ્રકાશક	:	પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ - અમદાવાદ
વ્યવસ્થાપન	:	જગજીવનભાઈ પટેલ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂા. ૨૫૦/-
આજીવન લવાજમ(૨૫ વર્ષ)	:	રૂા. ૭૦૦/-
વિદેશમાં આજીવન લવાજમ	:	$ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨
E-mail : darshan@sgvp.org
www.SwaminarayanGurukul.org
SwaminarayanGurukul
GurukulParivar

નારદ ઐસી સાચે સંત કી રીતિ

નારદ ઐસી સાચે સંત કી રીતિ,
નારદ ઐસી–ટેક૦
જેહી સુની સાધુ પરત પિછાને,
જીનકો મમ પદ પ્રીતિ...નારદ-૧
ખટ વિકાર જીત અનઘ આનંદી,
મેરે વચન મેં વાસા;
બ્રહ્માદિક ક્ષર જાની જગત કી,
છોડત સબ વિધિ આશા...નારદ-૨
અક્ષરપદ જાનત અવિનાશી,
તેહી મધ્યે મુકત અપારા;
પંચ વિષય ત્યાગી સબ સમરથ,
કરત કાલ કા ચારા...નારદ-૩
ક્ષર અક્ષર પર મો કું જાનત,
સબ અક્ષર કો સ્વામી;
અપનો રૂપ શુદ્ધ બ્રહ્મ માનત,
મેરો જન નિષ્કામી...નારદ-૪
ઐસે મેરે જન એકાંતિક,
તેહી સમ ઓર ન કોઈ;
મુક્તાનંદ કહત યું મોહન,
મેરો સર્વસ્વ સોઈ...નારદ-૫

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા આયોજીત

સત્સંગ સાધના શિબિર - ૨૦૧૯

જીવનની ખરી સફળતા ત્યારે થાય, જ્યારે એની ધન્યતા, પૂર્ણતા અને કલ્યાણની ભાવના ચરિતાર્થ થાય.

શાસ્ત્રો અને સંતો કહે છે, 'માનવ જન્મ પામવો દુર્લભ છે.' જે આપણને સહેજે મળ્યો છે. હવે આ કાચી માટીના પિંડને સુસંસ્કારિત કરવો એ આપણી ફરજ બને છે. સુસ્કારિત થયેલા દેહ દ્વારા મોક્ષમાર્ગે ચાલવું એ પણ આપણી મહત્ત્વની ફરજ બની રહે છે.

પરંતુ એ ફરજ આજે ભૂલાઈ રહી છે. દેશ અને કાળના ખપ્પરમાં લોકો અવિવેકી બની હોમાઈ રહ્યા છે. અરે ! ધર્મ અને સદાચારની દિક્ષા લેનારા પણ અર્થ અને કામની આટાઘૂંટીમાં અટવાઈ પડ્યા છે. આ વિશ્વમોહિની જગત્માયામાં સૌ કોઈ એવા ફસાયા છે કે પોતાની જાત જ વિસરાઈ ગઈ છે. પોતે અહીં શા માટે આવ્યા હતા ? શું કરવા આવ્યા હતા ? શું કરી રહ્યા છીએ ? એવા પ્રશ્નોનો ઉદ્ભવ જ થતો નથી. આ જગત શું છે ? કોણ ચલાવી રહ્યું છે ? હાડ-માંસના ચામડાને કોણ રમાડે છે ? એનો તો સ્વપ્નમાં પણ ખ્યાલ આવતો નથી.

બાળપણ, યુવાની અને ઘડપણ રમત-રમતા વીતી ગયા. જિંદગીનું રહસ્ય સમજાવનારા સત્પુરુષ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રોની અવગણનાથી કલ્યાણનું દ્વાર-મોક્ષનું દ્વાર અનુદ્ઘાટિત રહેવા પામ્યું.

સામે છેડે એ જ લોકો બાહ્ય અને આંતરિક શાંતિ શોધવા માટે ઠેર ઠેર ફરતા રહ્યા. એવામાં ફરતાં ફરતાં-શોધતાં શોધતા, યાત્રા-પ્રવાસ કરતાં કરતાં ગંગાજીના કિનારે જઈ જડે, થોડી ક્ષણો બેસે. એમાં પણ ઋષિકેશ જેવું પવિત્ર તીર્થસ્થળ હોય, પરમાર્થ નિકેતન આશ્રમનો ઘાટ હોય, સદ્ગુરુ સંતોનું સાનિધ્ય હોય, ગંગા આરતી થતી હોય, સંતોના મુખેથી કથાવાર્તા, કીર્તનભક્તિ અને ધૂન-ભજનનો આસ્વાદ મળતો હોય, ત્યારે કોઈપણ ભાવિકનું હૃદય પીગળી જાય છે અને અંતરવૃત્તિ થઈ જાય છે. તે સાથે જ સુખ-શાંતિ અને આનંદનો સાક્ષાત્કાર થાય છે.

સત્સંગ સાધના શિબિર-૨૦૧૯ તા. ૩ થી ૯ નવેમ્બરના એ સાત દિવસો દરમિયાન સૌને આવો જ અનુભવ થયો. આ દિવસો સૌને સદાય યાદ રહી ગયા. કારણ કે ભગવાન શ્રી સ્વામિનારાયણની વનવિચરણભૂમિ, નરનારાયણ ભગવાનનું બદરીધામ અને ગુરુકુલ સંસ્કૃતિના પ્રાગટ્યની આ ભૂમિમાં કલકલ નાદ સાથે અખંડ વહેતી પરમપાવની ગંગામૈયાનું દિવ્ય આધ્યાત્મિક વાતાવરણ પરમ શાંતિ, પરમ આનંદ અને

પરમ સુખનો કાયમી અનુભવ આપે છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના સમગ્ર જીવનના સારરૂપ પહેલી અને છેલ્લી સંતો માટેની સાધના શિબિર એ આપણા જીવનનું કાયમી સંભારણું છે.

ઈ.સ. ૧૯૮૭ ના નવેમ્બર માસની ૩૦ દિવસ અર્થાત્ ૧ મહિનાની શિબિર ખરા અર્થમાં એક દિવ્ય સાધનાની પરંપરા બની રહી. આ પરંપરાને જીવંત રાખતા આપણા ગુરુવર્ય પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી દર ત્રણ વર્ષે આ પ્રકારની સત્સંગ સાધના શિબિરો યોજાતી રહે છે. પૂજ્યપાદ જોગીસ્વામીના ઠાકોરજી તથા નીલકંઠવર્ણીનો ગંગાજીમાં અભિષેકના દર્શન અને સંતો સાથેના સમૂહ સ્નાનના દૃશ્યો હજુ આપણા સૌના સ્મૃતિપટ ઉપર એવા ને એવા જ અંકિત છે.

આ દિવ્યાનુભવો અને સાધનામય જીવનનો પુનઃ સ્પર્શ પામવા માટે જ તા. ૩ થી ૯ નવેમ્બર, ૨૦૧૬ની સત્સંગ સાધના શિબિર ઋષિકેશ-ગંગાજીના કિનારે પરમાર્થ આશ્રમ ઘાટ પર યોજાઈ. આ શિબિરના પાવન સ્મરણ વારંવાર થતું રહે અને પુનઃ પુનઃ આવી શિબિરમાં ભાગ લેવાનું મન થાય એવા હેતુ સાથે આપણા **SGVP** પરિવારના ભક્તજનો તેમ જ અન્ય સત્સંગ સાધનામાં રસ-રુચિ ધરાવનારા ભક્તજનોની પ્રસન્નતા માટે (ગુરુકુલ દર્શન - ડિસેમ્બર) નો આ અંક શિબિરની ફલશ્રુતિ રૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ.

આ સત્સંગ સાધના શિબિરના વિવિધ કાર્યક્રમો યોગસાધના, ઠાકોરજીના વિવિધ દર્શન, સંતોનું સાનિધ્ય, વિવિધ વિભાગોમાં શ્રી સ્વામિનારાયણ ચરિતગાથાનું સંતો સાથે સ્વાધ્યાય-અનુષ્ઠાન, પરમ પૂજ્ય ગુરુવર્યના સાંનિધ્યમાં સાધના સભર કથામૃત રસપાન, ગંગામૈયાના તટ પર ધ્યાન સાધના, ઋષિકેશના પરમહંસો પૂજ્ય મહામંડલેશ્વરજી, પૂજ્ય મુનિજી, પૂજ્ય પરમાત્માનંદજી, પૂજ્ય અધ્યાત્માનંદજી વગેરેના પ્રેરણા વચનો, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય ધર્મવત્સલ સ્વામી, વગેરે સંતો દ્વારા સાધના સભર મહિમા કથન જેવા અનેકવિધ કાર્યક્રમો સાથે ગંગા આરતી, યજ્ઞાનુષ્ઠાન, દર્શન સભર આ અંક આપ સૌને ગમશે અને વાચકો પોતાની પ્રસન્નતા વ્યક્ત કરશે તે આવકારીએ છીએ.



શિબિરની સાથે પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં યોજાયેલ દક્ષિણ ભારતની યાત્રાનાં સંસ્મરણો પણ આ અંકમાં કંડારવામાં આવ્યા છે. અઢાર દિવસની આ યાત્રામાં લંડન, અમેરિકા, આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, સીશલ્સ વગેરે દેશ-વિદેશના સો જેટલા ભાઈ-બહેનો જોડાયા હતા.

સત્સંગ સાધના શિબિર

ઋષિકેશ, ૨૦૧૬

સંવત્ ૨૦૭૩, નૂતન વર્ષના પ્રારંભે, કાર્તિક સુદ ચોથ, તારીખ ૩ નવેમ્બરના રોજ ભગવાન શ્રી નીલકંઠવર્ણીની વિચરણભૂમિ ઋષિકેશમાં, ભગવતી ભાગીરથીના કિનારે સાધનામયી સત્સંગ શિબિરનો પ્રારંભ થયો. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોનું મંગલ સાનિધ્ય હતું અને ૧૨૦૦ ઉપરાંત દેશ-વિદેશથી શિબિરાર્થીઓ પરમાર્થ નિકેતન આશ્રમનાં આંગણે પધાર્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના જયનાદ, ઋષિકુમારો દ્વારા વૈદિક મંત્રગાન અને સંગીતની સુરાવલિઓ સાથે દિપ પ્રાગટ્ય કરી શિબિરનો પ્રારંભ થયો. નૂતન વર્ષના પ્રારંભે યોજાયેલ શિબિરનો પ્રારંભ સ્નેહમિલનથી થયો. સંતો ભાવભીના હૃદયે અરસપરસ મળ્યા, રક્ષાસૂત્ર બંધાયા, લલાટે કેસર-ચંદનની અર્ચા થઈ.

ત્યાર બાદ સંતો ભક્તોની મધ્યે પધાર્યા અને ભક્તોને સ્નેહના તાંતણે બાંધ્યા, મળ્યા અને શાલ ઓઠાડી. એ જ રીતે સાંખ્યયોગી બહેનોએ શિબિરાર્થી બહેનોને લાભ આપ્યો. આ અલૌકિક સ્નેહથી નીતરતા અરસ-પરસના મિલનના દર્શન કરી સહુ સંતો-ભક્તો ધન્ય બન્યા.

કથા-વ્યાખ્યાનમાળા

સાધનાભૂમિ ઋષિકેશમાં શિબિરાર્થીઓનો સાધનાપંથ સરળ અને સુગમ બની રહે એવા હેતુથી પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ભક્તોના ચરિત્રોના આધારે તેમજ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા યુવાન સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા ગ્રંથને આધારે કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

આ ઉપરાંત મહામંડલેશ્વર પૂજ્ય અસંગાનંદજી મહારાજ, પૂજ્ય મુનિજી મહારાજ, પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ, પૂજ્ય અધ્યાત્માનંદજી મહારાજ વગેરે સંતોએ પ્રસંગોપાત પધારી શુભાશીર્વાદ પાઠવ્યા હતા.



સદ્‌ગુરુ વંદના

ભગવાન શ્રી સ્વામિનારાયણના સાક્ષાત્કારી સદ્‌ગુરુઓનો પ્રસંગ પ્રાપ્ત થવાથી ગુરુકુલ પરિવાર પરમ ભાગ્યશાળી રહ્યો છે. પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા પૂજ્યપાદ જોગી સ્વામી તથા વર્તમાન સંતોના ભજન-તપશ્ચર્યાને પ્રતાપે ગુરુકુલનું વાતાવરણ સદાય ભક્તિભર્યું રહ્યું છે. જેનો ગુરુકુલ પરિવાર સદાય ઋણી રહેશે.

માતૃવાત્સલ્ય પરિપૂર્ણ પરમ પૂજ્ય પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીની જન્મ શતાબ્દી વર્ષના પ્રારંભે ભાગીરથીના કિનારે સ્વામીનું ભાવપૂજન થયું ત્યારે ઉપસ્થિત સૌ કોઈ શિબિરાર્થીઓના હૃદયમાં સ્વામીની સ્નેહભરી સ્મૃતિઓ ઉપસી આવી હતી. ઉપરાંત આ વર્ષે સ્વામીની સ્મૃતિમાં વિવિધ ઉત્સવો ઉજવવાની પણ જાહેરાત થઈ હતી.



ગ્રંથ અનુષ્ઠાન

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે પૃથ્વી ઉપર પ્રગટ થઈ કલ્યાણના સર્વોપરી રાજમાર્ગનું નિર્માણ કર્યું અને સનાતન સિદ્ધાંતોની સ્થાપના કરી. ભગવાન શ્રી સ્વામિનારાયણના એ સિદ્ધાંતો અને જીવનચરિત્રોનું વર્ણન કરતો ગ્રંથ 'શ્રી સ્વામિનારાયણ ચરિતગાથા'નું આલેખન પૂજ્ય સ્વામીજી દ્વારા થયું છે. સત્સંગ સાધના શિબિર દરમિયાન આ ગ્રંથના આધારે જ અનુષ્ઠાન, ગ્રુપસભા તથા વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું હતું. અનુષ્ઠાન દરમિયાન શિબિરાર્થીઓના કુલ દસ વિભાગ કરવામાં આવ્યા હતા. જેમાં પુરુષભક્તોને સંતો દ્વારા તથા મહિલાભક્તોને સાંખ્યયોગી બહેનો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

મંત્ર અનુષ્ઠાન

શિબિર દરમિયાન સ્થૂળ શરીરની સાથે સૂક્ષ્મશરીરના ભાવ છૂટે એવા હેતુથી દરરોજ સવાર-સાંજ પરમ પૂજ્ય સ્વામીજીએ ધ્યાન, માનસીપૂજા, મંત્રજાપની સરળ અને વિશિષ્ટ પદ્ધતિનો અભ્યાસ કરાવ્યો. ગંગાજીના ખળખળ વહેતા નિર્મળ જળના દર્શન કરતાં સાધકોએ અનુષ્ઠાન દ્વારા હૃદયને પણ નિર્મળ કર્યું.







ઠાકોરજી અભિષેક તથા ગંગા સ્નાન

શિબિર દરમિયાન દરરોજ ઉત્થાપન સમયે પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં ઠાકોરજીનો કેસર-ચંદન મિશ્રિત ગંગાજળથી નદીના પ્રવાહમાં જ અભિષેક થતો, પ્રસાદીના જળનો સહુ ભક્તો ઉપર છંટકાવ થતો અને પ્રેમે સહિત એકબીજાને સ્નાન કરાવતા સંતો-ભક્તો આનંદમાં ગરકાવ થતા. આ ઉપરાંત ફરફીલા ઠંડા પ્રવાહમાં પવનના સૂસવાટા વચ્ચે વહેલી સવારે સાધકો ગંગાસ્નાન કરી ધન્યતા અનુભવતા.



ગંગા આરતી

શાંત સુમધૂર સંગીતની સુરાવલીઓ, મંધૂર કંઠે ગવાતા ભજનો અને દેશ-વિદેશી ભક્તોના સથવારે પરમાર્થ નિકેતનના આંગણે સંધ્યા સમયે થતી ગંગાજીની આરતી સૌના હૃદયને પાવન કરે છે. પૂજ્ય મુનિજી, પૂજ્ય સ્વામીજી તથા સંતોના સાનિધ્યમાં થતી ગંગાજીની આરતીનો સૌ સાધકોએ દિવ્યાનંદનો અનુભવ કર્યો.





યોગ સાધના

યોગ દ્વારા તન અને મનની સ્વસ્થતા જળવાઇ રહે છે, જેના અનુસંધાને દરરોજ વહેલી સવારે ૬:૦૦ થી ૭:૦૦ કલાક કરમિયાન યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બાબા રામદેવજીના શિષ્ય અજિતજીએ યોગાસનો, પ્રાણાયામ તથા હળવી કસરતોનો અભ્યાસ કરાવ્યો હતો.

સ્વચ્છ ભારત સફાઇ અભિયાન

પૂજ્ય મુનિજી તથા પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી ઋષિકેશમાં યોજાયેલ સફાઇ અભિયાનમાં સંતો, શિબિરાર્થીઓ તથા ભક્તો જોડાયા હતા.

ઠાકરથાળી

શિબિર દરમિયાન એક દિવસ સંતો-ભક્તોએ સાથે મળી મહારાજને રીઝવવા સંગીતના સથવારે રાસ-ગરબા લઈ આનંદ માણ્યો હતો.

મહિલા સત્સંગ સભા

શિબિરમાં ઉપસ્થિત બહેનો માટે વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી, દુધાળા, નાગપુર વગેરે સ્થાનોથી પધારેલા સાંખ્યયોગી બહેનો તથા સાધ્વી શ્રી ભગવતીજીએ સહુ બહેનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

શિબિર પૂર્ણાહુતિ

ધ્યાન, ભજન, ઉત્સવ, આનંદમાં વિતેલા શિબિરના સાત દિવસો જોતજોતામાં પૂરા થયા. હરિજયંતીના પાવન દિવસે સાધના શિબિરની પૂર્ણાહુતિ થઈ. પૂર્ણાહુતિના પ્રસંગે પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ સહુ સાધકોને ઘરે જતાં પહેલા જૂનાનો ત્યાગ કરી નવા થઈને જવાની પ્રેરણા આપી શુભાશિર્વાદ પાઠવ્યા.

આ શિબિરના મુખ્ય યજમાન સંતોના કૃપાપાત્ર પ.ભ શ્રી દેવજીબાપા છોડવડિયાનો પરવાર ડૉ. શ્રી વિપુલભાઈ, શ્રી મુકુંદભાઈ વગેરે ભાઈઓને સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

ગુરુકુલના સન્નિષ્ઠ સેવક જયેશભાઇ સોનેતાના જન્મદિવસે પરિવારને આશીર્વાદ પાઠવતા સંતો

કચ્છના ભક્તો દ્વારા યોજાયેલ યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે ઉપસ્થિત સંતો, ઋષિકેશ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા આયોજિત

દક્ષિણ ભારત તીર્થ યાત્રા

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે, 'સર્વે જે મારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થ, તેમની યાત્રા પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.'

આ ઉપરાંત આપણા શાસ્ત્રોમાં સ્થાવર અને જંગમ એ બે પ્રકારના તીર્થોનું વર્ણન જોવા મળે છે. ભગવાનના અવતારો તથા એકાંતિક ભક્તોના સંસર્ગમાં આવેલા દેવાલયો, નદી-સરોવરો, વૃક્ષો, પર્વતો વગેરે સ્થાવર તીર્થ છે, જ્યારે હરતી-ફરતી ભગવાનની વિભૂતિઓ, સત્પુરુષો જંગમ તીર્થ છે. આ બન્ને તીર્થોની યાત્રા કરવાથી પાપ અને અજ્ઞાનથી તરી જવાય છે.

ભારતવર્ષમાં ખાસ કરીને દક્ષિણમાં ખૂબ મોટા તીર્થો આવેલા છે, આ તીર્થોની યાત્રા કરવી સૌ કોઈના હૃદયમાં ઉમંગ હોય છે. એમાં પણ યાત્રા દરમિયાન સાથે જ્યારે જંગમતીર્થ સમાન સદ્‌ગુરુની ઉપસ્થિતિ હોય ત્યારે યાત્રા વધારે મહિમાવંત બની જતી હોય છે.

એવી જ યાત્રા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. તારીખ ૧૨થી ૨૭ નવેમ્બર દરમિયાન દેશ-વિદેશમાં વસતા ૧૦૦ જેટલા ભક્તોએ સંતોના સંગાથમાં દક્ષિણ ભારતના મહાન તીર્થોની યાત્રા પૂર્ણ કરી. યાત્રાળુઓ માટે આ યાત્રાના સંસ્મરણો સદાયને માટે માનસપટમાં સંગ્રહાયેલા રહેશે.

ગુરુકુલ દર્શનના માધ્યમથી એ યાત્રાના સુખદ સંસ્મરણોને આપણે સહુ પણ અનુભવિએ.

વરકલ્લા - જનાર્દન ભગવાનના દર્શને પૂજ્ય સ્વામીજી, સંતો તથા યાત્રાળુઓ

ત્રિવેન્દ્રમ - પૂજ્ય સ્વામીજી તથા યાત્રાળુઓ પદ્મનાભ મંદિર પધારતા મંદિરના એક્ઝિક્યુટીવ ઓફીસર શ્રી સતીસજીએ સર્વેનું સ્વાગત કર્યું હતું અને મંદિરના પૂજારીઓ દ્વારા ભગવાનની વિશેષ પૂજા કરાવી હતા.

પૂજ્ય સ્વામીજી સાથે બેંગ્લોરના રાજ્યપાલ શ્રી વજુભાઇ વાળા તથા યાત્રાળુઓ

કન્યાકુમારી મંદિરના મુખ્ય પૂજારી તથા અધિકારીઓ દ્વારા સ્વામીજી તથા યાત્રાળુઓનું સ્વાગત.
તેમજ વિવેકાનંદ મેમોરીયલની વિજીટ

તોતાદ્રી - નમ્બિનારાયણના દર્શને
પૂજ્ય સ્વામીજી તથા યાત્રાળુઓ.

વિદ્વત્વર્ય પદ્મશ્રી વરદાચાર્યજીની મુલાકાતે
પૂજ્ય સ્વામીજી તથા સંતો, મૈસુર

મદુરાઇ :- કલેકટર શ્રી વિરરાઘવન તથા હાઇકોર્ટના જસ્ટીસ શ્રી ગોપાલરાજને સ્વામીજીનું ભાવપૂર્ણ સ્વાગત કરી મદુરાઇના અધિષ્ઠાત્રી દેવી મિનાક્ષી દેવીની પ્રતિમા અર્પણ કરી હતી.



સ્વામીજી તથા યાત્રાળુઓ રામેશ્વરમ્ પધારતા મંદિરના પૂજારીઓ તથા એક્જીક્યુટીવ કાર્યકર્તાઓએ ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું. સ્વામીજીએ સર્વ યાત્રિકો સાથે સ્ફટીકમણિના શિવલીંગનો અભિશેક કરી મંદિરના પરિસરમાં આવેલા ચોવીસ તીર્થકૂપોમાં તથા સમુદ્ર સ્નાન કર્યું હતું. ઉપરાંત રામેશ્વરમ્માં ભારતવર્ષના શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ અને મિશાઇલમેન અબ્દુલ કલામ સાહેબના ઘરની મુલાકાત પણ લીધી હતી.

શ્રીરંગમ્ :- રંગનાથ ભગવાનના દર્શન કરવા પધારેલા પૂજ્ય સ્વામીજીનું સ્વાગત કરતા મંદિરના પૂજારીઓ તથા કાવેરી સ્નાન કરતા યાત્રાળુઓ

ભગવત્પાદ રામાનુજાચાર્ય ગાદી સ્થાનના દર્શન, ભૂતપુરી

વિષ્ણુકાંચી દર્શને પધારેલા યાત્રાળુઓ

તીરૂપતિ બાલાજીના દર્શને પધારેલા પૂજ્ય સ્વામીજીનું સ્વાગત કરતા એડવોકેટ વિરભદ્રજી, શ્યામસુંદરજી, શેઠ શ્રીરેડ્ડીજી તથા વૈદિક પાઠશાળાની મુલાકાતે પૂજ્ય સ્વામીજી

તીરૂપતિ બાલાજીના દર્શને પધારેલા પૂજ્ય સંતો તથા યાત્રાળુઓ

તાન્જોર:- બૃહદેશ્વર મંદિરના દર્શને પૂજ્ય સ્વામીજી તથા સંતો

આદિકેશવ : મંદિરના ટ્રષ્ટીઓ દ્વારા પૂજ્ય સ્વામીજીનું સ્વાગત

ગુંડિચા મંદિર, જગન્નાથપુરી

ચક્રતીર્થ, જગન્નાથપુરી

સમુદ્રસ્નાન - જગન્નાથપુરી તથા જગન્નાથપુરીના મહારાજા શ્રી દિવ્યસિંહદેવજી સાથે પૂજ્ય સ્વામીજી

વિશ્વ પ્રસિદ્ધ સૂર્યમંદિર-કોણાર્કના દર્શને સંતો તથા યાત્રાળુઓ

યાત્રાની પૂર્ણાહુતિ પ્રસંગે યોજાયેલ સત્સંગ સભા દરમિયાન યજમાનશ્રીઓને આશીર્વાદ પાઠવતા પૂજ્ય સ્વામીજી

અમદાવાદ એરપોર્ટ ઉપર યાત્રાળુઓનું સ્વાગત

પૂજ્ય પુરાણી સ્વામી જન્મ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે
યોજાયેલ સત્સંગ સભા, રાજકોટ

નૂતન નિર્માણ પામેલ ક્રિકેટ ગ્રાઉન્ડનું ઉદ્‌ઘાટન કરતાં
પૂજ્ય સ્વામીજી, ભંડારી સ્વામી તથા સંતો-ભક્તો

SGVP દ્વારા અનેક સેવાપ્રવૃત્તિઓ ચાલી રહી છે, તે અંતર્ગત દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે પૂજ્ય સ્વામીજી તથા બાલકૃષ્ણસ્વામીના હસ્તે
સ્કુલોમાં વોટર કુલર, વિકલાંગોને ટ્રાઇસીકલ તથા વિધવા બહેનોને સીવણ મશીન અર્પણ કરવામાં આવ્યા હતા.

સહજાનંદ વિન્ટર સ્પોર્ટસ્ ટુર્નમેન્ટ તથા SGVP ટ્રોફી-૬ અંતર્ગત અંડર ૧૫-૧૭ ઓલ ઇન્ડિયા ક્રિકેટ ટુર્નમેન્ટમાં
વિજેતા ટીમ જય અંબે ઇલેવન તથા સૂર્યા વોરીયર્સને પ્રોત્સાહીત કરતા સંતો તથા મહાનુભાવો

અ.નિ. શ્રી રામુભાઇ મણીભાઇ ઠક્કર:- મુંબઈ નિવાસી તથા શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટના સંસ્થાપક શ્રી રામુભાઈ ઠક્કર ૯૧ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. રામુભાઈનું નામ સાંભળતા જ એક અદના ગૌ-સેવકની છબી ઉપસી આવે. એમનું જીવન જ ગૌ-સેવામાં પસાર થયું. એમણે ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટની સ્થાપના કરી સમાજમાં ગૌ સેવાનો ઉત્તમ દાખલો બેસાડ્યો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી સાથે એમને અનેરો સ્નેહ હતો. નવસારી ખાતે ઘનશ્યામ ગોપાલન ટ્રષ્ટની જમીન ગુરુકુલને અર્પણ કરી એમણે ઉત્તમ સેવા કરી હતી. મુબંઈ-ભૂલેશ્વર ખાતે વર્ષો સુધી રામુભાઈ ઠાકોરજી માટે ફૂલોના શણગાર લઈને જતા. ગૌ-સેવક, ભક્ત અને સમાજ સેવક રામુભાઈ ઠક્કરના અક્ષરવાસથી સમાજને ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ રામુભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો કમલભાઈ, ઉદયભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દિપેશભાઇ પ્રમોદભાઇ ગજેરા :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી દિપેશભાઈ ગજેરા યુવાન ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેતવાળા, સન્નિષ્ઠ સેવક દિપેશભાઈએ સંતોના વચને ખૂબ સેવાઓ કરી છે. દરેક ઉત્સવ-સમૈયામાં તન-મન-ધનથી સેવા કરી સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો છે. દિપેશભાઈના અક્ષરવાસથી ગજેરા પરિવાર તથા ગુરુકુલને એક સેવકની ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ દિપેશભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા પાયલબેન, મહીમ, પ્રમોદભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દામજીભાઇ આહલપરા :- ભાવનગર નિવાસી પ.ભ. શ્રી દામજીભાઈ આહલપરા ૧૭ ઓક્ટોબરના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સંતોમાં અપાર હેતવાળો આ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ દામજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા તથા રમેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અશ્વીનભાઇ જોશી:- મૂળ રાજકોટ હાલ પ્રિટોરિયા નિવાસી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર અશ્વીનભાઈ જોશી હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા હતા. ગાંધીજીએ આફ્રિકામાં કરેલી ચળવળ દરમિયાન પણ આ પરિવારે ભારે સહયોગ આપ્યો હતો. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર અશ્વિનભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેઓના ધર્મપત્ની જ્યોતિબેન, પુત્રો દીક્ષિતભાઈ, મિહિરભાઈ, જયનીલભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી માધવલાલ નારાયણદાસ રાધનપુરા :- ગામ રાજકોટ નિવાસી પ.ભ. શ્રી માધવલાલ (બચુબાપા) ૯૭ વર્ષની ઉંમરે ૧૩, ડિસેમ્બરના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા માધવલાલના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા જીતુભાઈ, બીપીનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી બચુભાઇ નાગજીભાઇ કાથરોટીયા :- ગામ દુધાળા નિવાસી પ.ભ. શ્રી બચુભાઈ કાથરોટીયા ૩ ડિસેમ્બરના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભજન-સ્મરણ અને સેવા કરી એકાંતિકપણાને પામેલા બચુભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરશોત્તમભાઈ, ઠાકરશીભાઈ, ચીમનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મનસુખભાઇ ડાયાભાઇ ગોંડલીયા :- સુરત નિવાસી પ.ભ. શ્રી મનસુખભાઈ ૫૧ વર્ષની ઉંમરે ૨૭ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા મનસુખભાઈ તથા એમનો પરિવાર ગુરુકુલ સાથે સારી રીતે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ મનસુખભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ધનજીભાઈ, હરજીભાઈ, જયદિપ, કેનીલ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નટવરલાલ અંબાલાલ ઠક્કર :- ગામ વટામણ, હાલ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી નટવરલાલભાઈ ઠક્કર ભગવાન શ્રીહરિનું ભજન કરતા થકા ૮૬ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. નટવરલાલભાઈ તથા એમનો પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને સેવા-ભક્તિ કરે છે. ભગવાન શ્રીહરિ નટવરલાલભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા જયેશભાઈ, જનકભાઈ, જતીનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રમાબેન પ્રવિણચંદ્ર તથા શ્રી પ્રવિણચંદ્ર હરજીભાઇ કવા :- અમરેલી નિવાસી, શ્રી રમાબેન તથા શ્રી પ્રવિણચંદ્ર બન્ને પતિ-પત્ની એક અકસ્માતનો ભોગ બનતા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિમાં હેતવાળા આ પરિવારના બે સભ્યો એક સાથે અક્ષરવાસી થવાથી કવા પરિવાર ભારે શોકની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ રમાબેન તથા પ્રવિણચંદ્રના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા નિરવભાઈ, ભૂમિકાબેન વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ઓધવજીભાઇ તળશીભાઇ ભોરણીયા :- મોરબી નિવાસી પ.ભ. શ્રી ઓધવજીભાઈ ૫૯ વર્ષની ઉંમરે ૧૬ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. જાણીતા ઉદ્યોગપતિ અને સમાજસેવક ઓધવજીભાઈના અક્ષરવાસથી સમાજને એક સાચા સેવકની ખોટ વર્તાશે. ગુરુકુલ તથા સંતો સાથે વર્ષોથી જોડાયેલા ઓધવજીભાઈએ ગુરુકુલ દ્વારા થતી સેવાઓમાં ખૂબ સહકાર આપ્યો છે. ભગવાન શ્રીહરિ આ સન્નિષ્ઠ સમાજસેવકને પોતાના સુખે સુખિયા કરે તથા એમના પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મનજીભાઇ શામજીભાઇ પાંચાણી :- મૂળ કેરા, હાલ ઓલ્ડહામ નિવાસી પ.ભ. શ્રી મનજીભાઈ પાંચાણી ૫૮ વર્ષની ઉંમરે ૯ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા મનજીભાઈ દ્વારા ખૂબ સેવા કાર્યો થયા છે. ભગવાન શ્રીહરિમાં હેતવાળા મનજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા દિનેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નિર્મળાબેન લાભશંકરભાઇ પંડ્યા :- પુના નિવાસી અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સંતોના અતિ કૃપાપાત્ર પરિવારના માતુશ્રી નિર્મળાબેન દિવાળીના શુભ દિવસે સાક્ષાત ભગવાન શ્રી સ્વામિનારાયણ દર્શન આપી ૧૦૧ વર્ષની ઉંમરે ભગવાનના ધામમાં તેડી ગયા છે. નિર્મળાબેનનું જીવન સાધ્વિને શોભે તેવું હતું. પરિવારની નાની નાની દીકરીઓએ માની પૂજા કરી, માએ સ્તોત્ર બોલવાના કહ્યા. સ્તોત્રગાન ચાલું હતું, એ જ સમયે મા બોલ્યા 'મહારાજ પધાર્યા છે અને હું ધામમાં જાઉં છું.' આમ દિવ્યરૂપે ધામમાં સીધાવ્યા ત્યારે પરિવારજનોને અલૌકીક અનુભૂતિ થઇ હતી. આજે ભરતભાઇ પંડ્યા વગેરે પરિવારજનો પણ ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ સર્વને સત્સંગનું સુખ આપે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જયાબેન રતિભાઇ પીપળીયા :- ગામ રીબ હાલ રાજકોટ નિવાસી શ્રી જયાબેન પીપળીયા શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. જયાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રતિભાઇ, દિનેશભાઇ, શૈલેષભાઇ, જીગ્નેશભાઇ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કેસરબાઇ ભીમજીભાઇ રાઘવાણી:- ગામ બળદીયા, હાલ નાઇરોબી નિવાસી શ્રી કેસરબાઇ રાઘવાણી શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. કેસરબાઇના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સ્નેહીલભાઇ, ધીરજલાલ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી દિપકભાઇ ઝવેરભાઇ મહેતા
પ.ભ. શ્રી ભાર્ગવભાઇ જયસુખભાઇ બ્રહ્મભટ્ટ, ખંભાત
પ.ભ. શ્રી રમેશભાઇ છગનભાઇ મનાણી, રાજકોટ
પ.ભ. શ્રી કિશોરભાઇ પ્રેમજીભાઇ વેકરીયા, ભૂજ
પ.ભ. શ્રી ભાવિન ધીરૂભાઇ સુતરીયા, ફાટસર
અ.નિ. શ્રી ભૌમિક કમલેશભાઇ ઠક્કર, અમદાવાદ
પ.ભ. શ્રી નતાશા પ્રકાશભાઇ હિરપરા, દુબઇ
પ.ભ. શ્રી અશ્વીનભાઇ કે. પટેલ, અમેરિકા
પ.ભ. શ્રી કાંતિભાઇ ઠક્કર, અમદાવાદ
પ.ભ. શ્રી યશવંતભાઇ રમેશભાઇ કલાલ
પ.ભ. શ્રી ડૉ. હરીશભાઇ કાનજીભાઇ ઠક્કર

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઇ ગોરસીયા, ગાંધીનગર
શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, વાપી
પ.ભ. શ્રી પ્રકાશભાઇ કામલીયા, રાંચી
પ.ભ. શ્રી વેલજીભાઇ પ્રેમજીભાઇ વરસાણી, મસ્કત
પ.ભ. શ્રી અપૂર્વ પ્રકાશભાઇ દવે, દુબઇ
પ.ભ. શ્રી હેમાંગભાઇ કેશવલાલ ગોર, અમદાવાદ
પ.ભ. શ્રી લાલભાઇ ઇશ્વરભાઇ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી જીતકુમાર પ્રવિણભાઇ હીરપરા, અમદાવાદ
પ.ભ. શ્રી અક્ષત રાજુભાઇ પટેલ, કેશોદ
પ.ભ. શ્રી હિતેશભાઇ ગૌદાની, અમદાવાદ
પ.ભ. શ્રી સૂર્યકાંતભાઇ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૧/૧/૧૭, **રવિવાર, સુહૃદ સભા :** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી. સાંજે ૫ : ૩૦ કલાકે
તા. ૭/૧/૧૭, **શનિવાર : શ્રીહરિ જયંતિ:** શ્રી નીલકંઠવર્ણી અભિશેક તથા રોજાપચાર પૂજન, સવારે ૬:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૯/૧/૧૭, **સોમવાર : પુત્રદા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૧૧ થી ૧૫/૧/૧૭ : **પૂજ્ય પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી જન્મશતાબ્દી મહોત્સવ :** રાજકોટ
તા. ૨૩/૧/૧૭, **સોમવાર : ષટ્તિલા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૬/૧/૧૭, **ગુરુવાર : પ્રજાસત્તાક દિન ઉજવણી :** સવારે ૮:૦૦ કલાકે, છારોડી ગુરુકુલ

SGVP GURUKUL USA

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE
(Yoga, Education and Cultural Center)
Savannah, GA

Maruti Yag & Diwali Annkut

Inspiration : H.H. Guruvarya Shastri Shree Madhavpriyadasji Swami

૨૬ - ગુરુકુલ દર્શન - ડિસેમ્બર - ૨૦૧૬

Tulshi Vivah

Krishna weds Tulshiji

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

SGVP ગુરુકુલ પરિવાર - રાજકોટ દ્વારા આયોજિત

પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી
શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

જન્મ શતાબ્દી મહોત્સવ

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

તારીખ ૧૧ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭

પોષ સુદ ૧૪ થી પોષ વદ ૩

ગુરુકુલ પરંપરાના પુનરોદ્ધારક અને રાજકોટ ગુરુકુલના સંસ્થાપક શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના જમણા હાથ સમાન **વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી**નું જન્મ શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે.

પુરાણી સ્વામીનું જીવન સીધુ-સાદુ-સરળ અને બાળક જેવું નિખાલસ હતું. તેઓ આજીવન અપરીગ્રહી વ્રતધારી હતા. હજારો વિદ્યાર્થીઓના જીવનમાં એમણે સંસ્કારોનું અમિસીંચન કર્યું હતું. અતી પ્રેમ અને કરૂણાથી ભરેલા વાત્સલ્યના વડલા જેવા એ સંત હજારો વિદ્યાર્થીઓની માતાનું બિરૂદ પામ્યા હતા. એ સંતે સમાજ પાસેથી કશી જ અપેક્ષા રાખી ન હતી, ઉલટાની પોતાની જાતને સમાજ સેવામાં ચંદનની જેમ ઘસી હતી. આવા મહાન સંતનું જન્મશતાબ્દિ પર્વ એટલે આપણા માટે થોડી-ઘણી ઋણ મુક્તિનો અવસર.

આ અવસરને વધાવતા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના અધ્યક્ષ સ્થાને SGVP ગુરુકુલ પરિવાર રાજકોટ દ્વારા તારીખ ૧૧ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન રાજકોટ ખાતે **વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી 'જન્મ શતાબ્દી મહોત્સવ'** વિશાળ પાયે ઉજવાઇ રહ્યો છે. મહોત્સવ અંતર્ગત સેવામૂર્તિ સંત પરમ પૂજ્ય નિરન્નમુક્તદાસજી સ્વામી (મુગટ સ્વામી)નું પણ જન્મ શતાબ્દી વર્ષ ચાલતું હોવાથી સ્વામીનું ભાવપૂજન કરવામાં આવશે.

અનેકવિધ આયોજનોથી સુશોભિત આ મહોત્સમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી વ્યાસાસને બિરાજી શ્રીમદ્ ભાગવતની કથાનો લાભ આપશે. તેમજ વડતાલ પીઠાધિપતિ પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ દર્શન-આશીર્વાદનો લાભ આપવા પધારશે. આવા અણમોલા અવસરે પરિવાર સહ પધારવા આપ સહુને હેત ભર્યું નિમંત્રણ.

- પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના હેત પૂર્વક જય શ્રી સ્વામિનારાયણ

મહોત્સવના વિવિધ આયોજનો

- શ્રીમદ્ ભાગવત કથા
- ૨૧ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ
- પોથીયાત્રા તથા શોભાયાત્રા
- વાત્સલ્યમૂર્તિ પૂજ્ય પુરાણી સ્વામી ભાવવંદના
- ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન
- ગોવર્ધન લીલા અંતર્ગત અન્નકૂટોત્સવ
- દરિદ્રનારાયણને અન્નકૂટ વિતરણ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન
- સત્સંગ મનોરંજન ડાયરો

સંપર્ક
પરમ પૂજ્ય સદ્‌ગુરુ શ્રીહરિદાસજી સ્વામી
મો. ૯૮૭૯૫ ૪૨૪૫૦

શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામી
મો. ૯૯૧૩૨ ૧૧૦૧૧